ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૫.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૬૬ ટકા

# શહેરના પ્રતિભાશાળી યુવાન મૌલિક ત્રિવેદીનું માર્ગ અકસ્માતમાં કરૂણ મોત

## અનામિકા એકેડેમીના નેજા હેઠળ ચાર હજારથી વધુ યુવાનોને સરકારી નોકરી અપાવવામાં સિંહફાળો : સ્પર્ધાત્મક પરીક્ષાને લગતા અનેક પુસ્તકો લખનાર મૌલિક ત્રિવેદી આર્થિક નબળા વિદ્યાર્થીઓને મફતમાં શિક્ષણ પૂરૂં પાડતા

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર સહિત ગુજરાતભરમાં સ્પર્ધાત્મક પરીક્ષાની ગળાકાપ હરીફાઈ વચ્ચે સ્પર્ધાત્મક શિક્ષણ ક્ષેત્રે ક્રાંતિ લાવી અનામિકા એકેડેમીના નેજા હેઠળ વિદ્યાર્થીઓને ગહન શિક્ષણ આપી ચારેક હજાર વિદ્યાર્થીઓને સરકારી નોકરી મેળવવામાં સિંહ ફાળો આપનાર મૌલિક દિનેશકુમાર ત્રિવેદીનું રવિવારે માર્ગ અકસ્માતમાં કરૂણ મોત નિપજતા સ્પર્ધાત્મક પરીક્ષા માટેના શિક્ષણ આલમમાં સોપો પડી ગયો હતો.

ગાંધીનગરના નારદીપુરના વતની મૌલિક ત્રિવેદીએ નાની ઉંમરમાં જ પિતાની છત્ર છાયા ગુમાવી દીધી હતી. ઘરની આર્થિક સ્થિતિ નબળી હોવાં છત્તાં જામનગરની સૈનિક બાલાછડી સ્કૂલમાં અભ્યાસ કરી કારકિર્દીની શરૂઆત કરી હતી. બાદમાં ગાંધીનગર કડી સર્વ વિશ્વવિદ્યાલય ખાતેથી જર્નાલિઝમ અને માસ કોમ્યુનિકેશનનો અભ્યાસ પૂર્ણ કરનાર મૌલિક ત્રિવેદીને નાનપણથી શિક્ષક ક્ષેત્રે લગાવ હતો જેના પગલે તેમણે સરકારી નોકરી માટેની સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપવાનું શરૂ કરી દીધું હતું. તેમણે તબક્કાવાર એક પછી એક એકવીસ જેટલી સ્પર્ધાત્મક પરીક્ષાઓ પાસ કરી નાંખી હતી. નાનપણથી આર્થિક નબળી પરિસ્થિતિમાં ઉછરેલા મૌલિક ત્રિવેદી ગાંધીનગર સહિત ગુજરાતભરમાં સ્પર્ધાત્મક પરીક્ષાની ચાલતી ગળાકાપ હરીફાઈ અને વ્યાપારીકરણથી હચમચી ગયા હતા. જેનાં પગલે વિદ્યાર્થીઓના ભાવિ ઘડવા માટે તેમણે ગાંધીનગરના ખાતે અનામિકા એકેડેમીની સ્થાપના કરી આર્થિક નબળા વર્ગનાં વિદ્યાર્થીઓ સહિત તમામ જ્ઞાતિનાં લોકોને શિક્ષણ આપવાની શરૂઆત કરી હતી. રેવન્યુ શાખામાં ડેપ્યુટી સેકશન અધિકારી, રેવન્યુ તલાટી તેમજ એગ્રીકલ્ચર ડિપાર્ટમેન્ટમાંથી છેલ્લે રાજીનામું આપી સ્પર્ધાત્મક પરીક્ષાના શિક્ષણ ક્ષેત્રે ક્રાંતિ લાવનાર મૌલિક ત્રિવેદીએ સ્પર્ધાત્મક પરીક્ષા માટે વિદ્યાર્થીઓને ઉચ્ચ ગુણવત્તાનું શિક્ષણ પૂરું પાડી અત્યાર સુધી ચારેક હજાર જેટલા વિદ્યાર્થીઓને સરકારી નોકરી મેળવવામાં સિંહ ફાળો આપ્યો હતો. શિક્ષણ ક્ષેત્રમાં સ્પર્ધાત્મક પરીક્ષાને લગતા અનેક પુસ્તકો લખનાર મૌલિક ત્રિવેદીએ આર્થિક નબળા વિદ્યાર્થીઓને મફતમાં શિક્ષણ પૂરું પાડી નવતર પ્રયોગ હાથ ધર્યો હતો.

### ડીવાયએસઓમાં રાજ્યમાં ત્રીજા સ્થાન સાથે ૨૧ પરીક્ષાઓ પાસ કરી હતી

**મૌલિક ત્રિવેદી સર એટલે એક વ્યક્તિત્વ કે જે સરકારની અલગ અલગ વિભાગની પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થી માટે પ્રેરણા ્રોત હોવા સાથે સાથે માર્ગદર્શક પણ હતા જેમણે અત્યાર સુધીમા ૨૧ કરતા વધારે પરીક્ષા પાસ કરી હતી અને ડીવાયએસઓ જેવી પરીક્ષામાં ગુજરાતમાં ૩જો નંબર પ્રાપ્ત કરી એક આગવી સિદ્ધિ હાસલ કરી હતી. સ્પર્ધાત્મક પરીક્ષાને લગતા અનેક પુસ્તકો લખનાર મૌલિક ત્રિવેદી આર્થિક નબળા વિદ્યાર્થીઓને મફતમાં શિક્ષણ પૂરું પાડતાં હતા.**




### પુરપાટ ઝડપે આવેલા બાઈકસવારે ટક્કર મારતા સ્થળ પર મોત

**મૌલિક ત્રિવેદી પોતાના એકટિવા નં. જીજે ૮ સીકે ૫૦૫૯ પર પ્રતિક મોલ આગળના સર્વિસ રોડ પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે અપાચે બાઈક નં. આરજે ૧૨ એકસઝેડ ૩૨૬૬ પર પુરપાટ વેગે આવેલા બે શખ્સોએ તેમના એકિટવાને ટક્કર મારતા તેઓ હવામાં ઉછળીને નીચે પટકાયા હતા તેવું સ્થાનિકો પાસેથી જાણવા મળ્યું છે. નીચે પટકાતાં તેમના માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી જેના કારણે ઘટના સ્થળે જ તેમનું મૃત્યું થયું હતું.**

રવિવારે સાંજે ગાંધીનગરના ધોળેશ્વર મહાદેવ રોડ પાસેના સ્વામિનારાયણ મંદિર સામેથી મૌલિક ત્રિવેદી એક્ટિવા લઈને પસાર થઈ રહ્યા હતા ત્યારે બાઈક સવાર બે ઈસમોએ તેમનું બાઈક પૂરપાટ ઝડપે એક્ટિવા સાથે ટકરાયું હતું. જેનાં કારણે મૌલિક ત્રિવેદીને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેમનું ઘટના સ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. અકસ્માત કરનાર બંને ઈસમો કેફી પીણું પીધેલાનું સ્થાનિકોએ જણાવ્યું હતું. નાની ઉમરમાં જીવ ગુમાવનાર મૌલિક ત્રિવેદીની આજે અંતિમ યાત્રામાં તમામ સમાજના અગ્રણીઓ જોડાયા તેમને શ્રદ્ધા સુમન પાઠવી હતી. ઘરમાં માતા, પત્ની દેવલ તેમજ આશરે દોઢ વર્ષના પુત્રને વલોપાત કરતા મૂકી અનંતની વાટ પકડનાર મૌલિક ત્રિવેદીના અકાળે અવસાનથી સ્પર્ધાત્મક પરીક્ષાના શિક્ષણક્ષેત્રે મોટી ખોટ પડશે તેમ તમામ સમાજના અગ્રણીઓએ જણાવ્યું હતું.



અખિલ ભારતીય સામાજીક સ્વાસ્થ્ય સંઘ દ્વારા સોશિયલ ડિસ્ટન્સીંગ પાળીને નવરાત્રીના ત્રીજા દિવસે આરતી અને બેઠા ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના પ્રમુખ શર્મિષ્ઠાબેન દવે તથા મંજુલાબેન પલગામી, મંદાબેન ધોળકીયા, પલ્લવીબેન ગુપ્તે, મિત્તલ રાણા, વૈશાલી જોષી, વિમળાબેન અપાચી, દક્ષાબેન સોલંકી, જશોદાબેન જોષીપરા, સંગીતાબેન ભટ્ટ, ઉષાબેન ગજ્જર તથા નારીગૃહ સ્ટાફ સાથે આશ્રિત બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

# શહેરના વડીલો સાઈબર ક્રાઈમની ટ્રેપમાં

ગાંધીનગર, તા.૧૯

કોરોનાને કારણે આજે ઘણા ધંધા પડી ભાંગ્યા છે. કમાવા માટેના સોર્સીંગ શોધવાની જગ્યાએ આજે અમુક ઓનલાઈન ક્રાઈમનો રસ્તો અપનાવી રહ્યા છે. સાઈબર ક્રાઈમ વિશે પહેલા પણ ઘણી ફરિયાદો થઈ ચુકી છે. ઘણાના ખાતામાંથી પૈસા ઉપડવાના કેસ બહાર આવ્યા છે અને હાલ પણ શહેરમાં ઘણા સમયથી શહેરીજનોના મોબાઈલમાં કોઈ પણ રેન્ડમ મેસેજ આવી રહ્યા છે અને તેમાં એક લીંક ડીફાઈન થઈ રહી છે. જેમાં કિલક કરતાં જ બેંકની વિગતો આપવાનું જણાવવામાં આવે છે. આ તમામ બાબતોને ધ્યાનમાં લઈ શહેરના યુવાનો ચિંતિત છે કારણ કે તેમને તો આ તમામ વસ્તુ સમજાય છે પરંતુ મોટાઓ જો ભુલે ચુકે આમાં ટ્રેપ થાય તો તકલીફ પડી શકે એમ છે.

આ સાયબર ક્રાઈમ ફકત ગુજરાતમાં જ ગુજરાતના જ લોકો કરે છે તેમ નથી. આ બહારના શહેરના શહેરીજનો રેન્ડમ મેસેજ મોકલી રહ્યા છે. જેમાં લોભામણી જાહોરાતોનો પણ સમાવેશ થાય છે. તમે ૧૦૦૦ રૂ. કેશ જીતી ગયા છો તે મેળવવા માટે નીચે દર્શાવેલ લિંક ઉપર કિલક કરો, તમારી એપ્લીકેશન જલ્દીથી જ પ્રોસીડ થશે વધુ જાણકારી માટે નીચે દર્શાવેલ લીંક પર કિલક કરો. આ સિવાય કોઈ નાના મોટા બિઝનેસ ધારકોને ફોન કે મેસજ કરીને વસ્તુના ભાવ પુછી વસ્તુની ખરીદી પણ કરીને પેમેન્ટ કરીને ત્યારબાદ ઓટીપી મોકલીને તમામ પૈસા પડાવી લેવામાં આવે છે તેવા કિસ્સા પણ બહાર આવ્યા છે. તમામને સાઈબર ક્રાઈમ સાથે લોભામણી જાહેરાતોમાં ફસાઈ જતા પહેલા મેસેજ કોણ અને કયાંથી મોકલે છે તે જાણી લેવાની જરૂર છે. બાકી ગમે ત્યારે કોઈના પણ ખાતામાંથી પૈસા ઉપડી શકે છે.

## પુત્રના અવસાન પ્રસંગે દિલસોજી પાઠવનાર સૌનો આભાર વ્યકત કરતા મનિષા ત્રિપાઠી

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરના જાણીતા વેટરન સ્વીમર મનિષાબેન ત્રિપાઠીના સુપુત્ર આનંદ નૌતમલાલ ત્રિપાઠીનું તા. ૧૬મી ઓકટોબરે આકસ્મિક અવસાન થવા પામ્યું હતું. વર્તમાન મહામારીની પરિસ્થિતિમાં પરિવારજનો દ્વારા લૌકિક ક્રિયાઓ બંધ રાખવા સાથે સદગતનું ટેલીફોનીક બેસણું આજે સોમવાર સવારે ૯ થી ૧૧ દરમિયાન યોજવામાં આવ્યું હતું. જેમાં પરિવારજનોને ફોન કરી આ દુઃખદ પ્રસંગે દિલોજી પાઠવનાર તમામ સ્નેહીજનો મિત્રો વગેરેનો મનિષાબેન ત્રિપાઠીએ હૃદયપૂર્વક આભાર વ્યકત કર્યો છે.



ગાંધીનગરમાં રખડતા ઢોરોનો ત્રાસ ખૂબ જ છે. પશુપાલકો પોતાના ઢોરોને ગમે ત્યાં રખડતા મુકી દે છે જેના કારણે વાહનચાલકો અને રાહદારીઓને તકલીફ થાય છે. રખડતા ઢોરોનો ત્રાસ વધતા મનપાની ટીમે તેમને પકડવાની ઝુંબેશ શરૂ કરી છે. સેકટર-૨૨માં રખડતા ઢોરોને પકડીને પાંજરાપોળ લઈ જવાયા હતા.

## ચિલ્ડ્રન યુનિવર્સિટી પાસેથી સટ્ટો રમતા ત્રણ ઝડપાયા

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેરના સેકટર-૧૯-૨૦ કટ પાસે આઈપીએલ મેચ પર ઓનલાઈન સટ્ટો રમતા ત્રણ યુવકોને ઝડપી પાડ્યા હતા. પોલીસે યુવકો પાસેથી રોકડા રૂ.૧૧૭૦ તેમજ રૂ.૨૨ હજારના ૩ મોબાઈલ મળીને કુલ રૂ.૨૩,૧૭૦ નો મુદ્દામાલ કબ્જે કરી જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સેકટર-૨૧ પોલીસ મથકના સ્ટાફના જવાનો પેટ્રોલીંગમા હતા તે સમયે છ-૫ સર્કલ પાસે આવતા પોલીસને ખાનગી રાહે બાતમી મળી હતી કે સેકટર-૨૦ ચિલ્ડ્રન યુનિવર્સિટી ગેટ પાસે ૧૯-૨૦ ના કટ પાસે ત્રણ શખ્સો હાલમાં ચાલી રહેલી આઈપીએલ -૨૦ સનરાઈઝ હૈદરાબાદ અને કોલકતા નાઈટ રાઈડર્સ ટીમ વચ્ચે સટ્ટો રમી રહ્યા છે. જેને પગલે પોલીસે સ્થળ પર જઈને ત્રણ ઈસમોને પકડી પાડ્યા હતા. ક્રિકેટ સટ્ટાના અલગ અલગ સોટ મારી રમેલાનું જણાતા આ મોબાઈલ નંબર વિજય નાયીનો હોવાનું માલુમ પડ્યુંહતું. ત્રણેય ઈસમોએ પોતાના મોબાઈલથી વિજય નાયીના મોબાઈલ પર આઈપીએલની ચાલી રહેલી મેચ પર સટ્ટો રમતા હતા. પોલીસે ત્રણેય યુવકોની અંગજડતી દરમિયાન રૂ.૧૧૭૦ તેમજ રૂ.૨૨ હજારના ત્રણ મોબાઈલ ફોન મળી કુલ રૂ.૨૩,૧૭૦ નો મુદ્દામાલ કબ્જે કરી ત્રણેય શખ્સો સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## અડાલજ નર્મદા કેનાલમાંથી યુવક અને મહિલાનો મૃતદેહ મળી આવ્યો

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર નજીકથી પસાર થતી અડાલજ નર્મદા કેનાલમાંથી રવિવારે મોડી સાંજે એક મહિલા અને યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો. કેનાલમાં મૃતદેહ તરતા હોવાની જાણ પોલીસને કરતા પોલીસ તાત્કાલીક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ગાંધીનગર ફાયર બ્રિગેડના જવાનોએ કેનાલમાંથી મૃતદેહ બહાર નીકાળ્યા હતા. અડાલજ પોલીસને બંન્ને મૃતદેહ પાસેથી ઓળખ થાય તેવા કોઈ પુરાવા મળ્યા નથી. જેથી પોલીસે મૃતદેહ પીએમ અર્થે મોકલી અકસ્માત મોતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે મૃતકોના વાલીવારસોની શોધખોળ આદરી છે. મૃતક મહિલાએ સાડી તેમજ યુવકે બ્લેક કલરનો શર્ટ પહેર્યો છે.




શહેરના સેકટર-૨ અર્બન હેલ્થ સેન્ટર ખાતેથી કોવિડ-૧૯ વિષયના જુદા જુદા પોસ્ટર લગાવવા તથા દવા વિતરણ અને અન્ય કામગીરી માટે ત્યાંના ડોકટર્સ અને નર્સની બહેનોની ટીમ સેવા માટે જાય છે. આ કોરોના વોરિયર્સને સે-૨ના સિનિયર સિટીઝન પ્રમોદભાઈ દવે, નરેન્દ્ર ભાવસાર, સતિષભાઈ ભાવસાર, સોમાભાઈ પટેલ, ગોરધનભાઈ પટેલ અને જીવરાજભાઈ પટેલ અભિનંદન પાઠવે છે.



કોરોનાકાળમાં અધિકારીઓ-કર્મચારીઓ સંક્રમિત ન થાય તે માટે કાયદા વિભાગના સેકશન અધિકારી શૈલેષકુમાર એમ. મજમુદાર તરફથી વિભાગના તમામ અધિકારીઓ, કર્મચારીઓને માસ્કનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## ‘આયુષ્યમાન સહકાર’ અંતર્ગત આરોગ્યલક્ષી સેવાઓ માટે એનસીડીસીએ રૂ. ૧૦હજાર કરોડ ફાળવ્યા

**કેન્દ્રિય કૃષિ રાજયમંત્રી પુરૂષોત્તમ રૂપાલાના હસ્તે નવી યોજના આયુષ્યમાન સહકારનો શુભારંભ કરવામાં આવ્યો**

ગાંધીનગર, તા.૧૯

કેન્દ્ર સરકારના રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ દ્વારા કેન્દ્રિય કૃષિ રાજયમંત્રી પુરૂષોત્તમ રૂપાલાના હસ્તે નવી યોજના આયુષ્યમાન સહકારનો શુભારંભ કરવામાં આવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના રાષ્ટ્રીય ડિજીટલ સ્વાસ્થ્ય મિશન અંતર્ગત આયુષ્યમાન સહકાર યોજના ગ્રામીણ વિસ્તારોમાં પરિવર્તન લાવશે તેવી જાહેરાત કરતા પુરૂષોત્તમ રૂપાલાએ જણાવ્યું હતું કે ‘વર્તમાન કોરોના મહામારીએ આરોગ્ય વિષયક સેવાઓને વધુ સારી બનાવવાની જરૂરિયાત પેદા કરી છે. એનસીડીસી દ્વારા આ યોજના કેન્દ્ર સરકારની ખેડૂત કલ્યાણ લક્ષી પ્રવૃત્તિઓનો મજબૂત બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું બની રહેશે.’ અત્રે ઉલ્લેખનીય છે કે એનસીડીસી દ્વારા આરોગ્યલક્ષી સહકારી મંડળીઓ માટે રૂ. ૧૦ હજાર કરોડ રૂપિયાનું આયુષ્યમાન સહકાર ફંડ ફાળવવામાં આવ્યું છે.

એનસીડીસીના એમડી સંદિપ નાયકે આ પ્રસંગે જણાવ્યું હતું કે દેશમાં હાલ આશરે ૫૨ જેટલી હોસ્પિટલો સહકારી મંડળીઓ દ્વારા ચલાવવામાં આવે છે અને આ હોસ્પિટલો પાસે ૫ હજારથી વધુ પથારીની ક્ષમતા છે. સહકારી સંસ્થાઓ દ્વારા આરોગ્ય સેવાઓની જોગવાઈનો એનસીડીસી પ્રોત્સાહન આપશે. આયુષ્યમાન સહકાર યોજનામાં હોસ્પિટલમાં આરોગ્ય સંભાળ અને શિક્ષણમાં માળખાની સ્થાપના, તેનું આધુનિકરણ, વિસ્તરણ, સમારકામ તથા નવીનીકરણનો વિશેષ સમાવેશ કરવામાં આવ્યો છે.

## રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ ટાસ્ક ફોર્સની પરામર્શન બેઠકોનું આયોજન

ગાંધીનગર, તા.૧૯

રાજ્ય સરકાર દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦માં શાળા શિક્ષણ માટેના સૂચનોના અસરકારક અમલીકરણ માટે રચાયેલી ટાસ્ક ફોર્સના સદસ્ય અને ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજયુકેશન (આઈઆઈટીઈ)ના કુલપતિ ડૉ. હર્ષદ પટેલ ‘પરામર્શન પાથેય’ કાર્યક્રમના ભાગરૂપે શાળા શિક્ષણ સાથે જોડાયેલા તમામ હિતધારકો સાથે પરામર્શન અને વિમર્શ બેઠકો કરશે.

તા. ૧૭ નવેમ્બરથી અમદાવાદથી શરૂ થયેલા ‘પરામર્શન પાથેય’ કાર્યક્રમ હેઠળ ૧૮ નવેમ્બરથી ૨૦ નવેમ્બર દરમિયાન સૌરાષ્ટ્રના સાત જિલ્લાના શાળા શિક્ષણ સાથે સંકળાયેલા અગ્રણીઓ, શિક્ષણવિદો, વિવિધ યુનિવર્સિટીના કુલપતિશ્રીઓ તથા સરકારી અધિકારીઓ સાથે પરામર્શન બેઠક કરીને તેમના સૂચનો મેળવશે.

‘પરામર્શન પાથેય’ કાર્યક્રમમાં ૧૯ ઓક્ટોબરના રોજ કુલપતિશ્રી પોરબંદર, દેવભૂમિ દ્વારકા, જામનગર જિલ્લામાં સંવાદ બેઠકોમાં ઉપસ્થિત રહેશે. ૨૦ ઓક્ટોબરના રોજ રાજકોટ તથા સુરેન્દ્રનગર જિલ્લામાં આ સંવાદ બેઠકોનું આયોજન થશે.

આ કાર્યક્રમના ભાગરૂપે તા. ૨૦ ઓક્ટોબર, મંગળવારના રોજ ડૉ. હર્ષદ પટેલ રાજકોટમાં મધ્યપ્રદેશની સાગર યુનિવર્સિટીના ચાન્સેલર ડૉ. બળવંત જાની, શિક્ષણવિદ્ ભદ્રાયુ વછરાજાની, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ ડૉ. નિતિન પેથાણી આઈઆઈટીઈના પૂર્વ કુલપતિ ડૉ. કમલેશ જોષીપુરા સાથે મુલાકાત લઈને તેમના સૂચનો મેળવશે.

## સેકટર-૨૨માંથી ક્રિકેટ મેચ પર સટ્ટો રમતો યુવક ઝડપાયો

ગાંધીનગર, તા.૧૯

સેકટર-૨૨ સુવિધા કચેરી પાસે સોમવારના રોજ બપોરના સુમારે સેકટર-૨૧ પોલીસે એપ્લીકેશન દ્વારા સટ્ટો રમતા એક યુવકનો ઝડપી પાડ્યો હતો. પોલીસે યુવકનું નામ પુછતા તેણે મહમંદફારૂક રફીકભાઈ કુરેશી (ઉં.૨૭ વર્ષ સહયોગ એપાર્ટમેન્ટ સે-૨૪) હોવાનું ધ્યાનો આવ્યું હતું. પોલીસે યુવકનો મોબાઈલ ચેક કરતા તે સનરાઈઝ હૈદરાબાદ અને કોલકતા નાઈટ રાઈડર્સ વચ્ચે ચાલી રહેલી મેચના વિવિધ ૧૨ હજારના સોદા રમ્યો હતો. અને દિલ્હી કેપીટલ અને ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચેની મેચના જુદા જુદા રૂ.૮૧,૩૫૦ના સોદાઓ રમ્યો હતો.

યુવકના એકાઉન્ટમાં ૬૭,૧૫૦ બોલેન્સ હતું. એપ્લિકેશન યુઝર આઈડી અંગે પોલીસે પુછતાછ કરતા યુવકે સેકટર-૩ ખાતે રહેતા ગણપતસિંહ વાઘેલા નામના શખ્સે આપ્યા હોવાનું જણાવ્યું હતું. જેથી પોલીસે રૂ.૧૨ હજારનો મોબાઈલ અને રોકડા રૂ.૧૩,૨૦૦ કબ્જે કરી જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### ચિરવિદાય

- સ્વ. દાનસિંગ ચતુરભાઈ વાઘેલા, ૮૨, ધોળાકુવા, તા. ગાંધીનગર
- સ્વ. પરમાર રણછોડભાઈ સોમાભાઈ, ઉ.વ. ૭૫, સેકટર-૧૩, ગાંધીનગર
- સ્વ. સોલંકી શકરીબેન ડાહ્યાજી, ઉ.વ. ૬૫, સેકટર-૨૬, ગાંધીનગર
- સ્વ. ત્રિવેદી મૌલિક દિનેશકુમાર, ઉ.વ. ૩૫, સેકટર-૨૯, ગાંધીનગર
- સ્વ. શાન્તાબેન વિઠ્ઠલભાઈ ધોબી, ઉ.વ. ૭૫, સેકટર-૫, ગાંધીનગર
- સ્વ. રમેશભાઈ હરિસિંહ પરમાર, ઉ.વ. ૭૦, ડભોડા, તા. ગાંધીનગર
- સ્વ. રાવલ રમેશચંદ્ર ગિરજાશંકર, ઉ.વ. ૭૮, ગવાડા, તા. વિજાપુર, મહેસાણા